(૧) યંત્રો અને સ્ટોકના રૂ. ૮૦,૦૦૦ ઊપજ્યાં.
(૨) લેણીહૂંડીના રૂ. ૨૦,૦૦૦ મળ્યા.
(૩) દેવાદારો પાસેથી રૂ. ૬૦,૦૦૦ વસૂલ થયા.
(૪) પેઢીએ માંડી વાળેલ ફર્નિચરના રૂ. ૧૨,૦૦૦ ઊપજ્યા.
(૫) લેણદારોને ચૂકતેના હિસાબે રૂ. ૧,૦૦,૦૦૦ ચૂકવ્યા.
(૬) અમન બેન્ક લોન ચૂકવવા સંમત થયો.
(૭) વિસર્જન ખર્ચ રૂ. ૧૨,૦૦૦ થયો.
ચમન નાદાર જાહેર થયો. તેની અંગત મિલકતમાંથી રૂ. ૨,૦૦૦ મળ્યા.
તૈયાર કરો (૧) માલ મિલકત નિકાલ ખાતું, (૨) ભાગીદારોના મૂડી ખાતાં અને (૩) રોકડ ખાતું.

અથવા

પ્રશ્ન-૩: શાહ, પટેલ અને સોલંકી સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. ૩૧-૩-૨૦૧૮ના રોજનું તેમનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે. (૧૫)

| જવાબદારીઓ | | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|---|
| મૂડી: | | | જમીન | ૧૫,૦૦૦ |
| શાહ | ૪૦,૫૦૦ | | મકાન | ૧૨,૦૦૦ |
| પટેલ | ૨,૫૦૦ | | યંત્રો | ૧૮,૦૦૦ |
| સોલંકી | ૨,૦૦૦ | ૪૫,૦૦૦ | સ્ટોક | ૧૦,૦૦૦ |
| સામાન્ય અનામત | | ૪,૫૦૦ | દેવાદારો | ૫,૦૦૦ |
| લેણદારો | | ૧૨,૦૦૦ | રોકડ | ૧,૫૦૦ |
| | | ૬૧,૫૦૦ | | ૬૧,૫૦૦ |

ઉપરની તારીખે તેઓએ પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું.
(૧) મિલકતોના નીચે પ્રમાણે ઊપજ્યા.

| | |
|---|---|
| જમીન | રૂ. ૧૨,૫૦૦ |
| મકાન | રૂ. ૯,૫૦૦ |
| યંત્રો | રૂ. ૧૪,૦૦૦ |
| સ્ટોક | રૂ. ૮,૦૦૦ |
| દેવાદારો | રૂ. ૪,૦૦૦ |

(૨) લેણદારોને ૫% વટાવે ચૂકવી આપ્યા.
(૩) ચોપડે નહિ નોંધેલ રૂ. ૬૦૦નું એક દેવું ચૂકવ્યું.
(૪) વિસર્જન ખર્ચ રૂ. ૧,૫૦૦ થયો.
પટેલ અને સોલંકી નાદાર જાહેર થયા, તેમની અંગત મિલકતમાંથી અનુક્રમે ૬૦% અને ૪૦% રકમ વસૂલ થઈ. વિસર્જન સમયે જરૂરી ખાતાંઓ તૈયાર કરો.



(P.T.O.)